Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX,
NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT | ઉપનાહ સ્વેદન | લેપન | વેદ્યાગ્નિકર્મ | પંચકર્મ
EKLપંચકર્મ | પટ્ટબંધન | અગ્નિકર્મ | ક્ષારકર્મ | વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત: 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ: એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી: અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ ત્રીજ બુધવાર ૩ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૮૮

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# OSM વિવાદ: CBSEના ચેરમેન અને સેક્રેટરીની બદલી

**ઓન**-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમ મેળવવામાં થયેલી ગેરરીતિઓની તપાસ માટે હાઈ-લેવલ કમિટીની રચના

**કોંગ્રેસે** શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી સરકારે બદલી કરાયેલા અધિકારીઓના સ્થાને નવા નામોની જાહેરાત કરી

**વિવાદાસ્પદ** કંપનીને કોન્ટ્રાક્ટ આપવો ભારે પડ્યો

નવી દિલ્હી, તા. 2: સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)ની મૂલ્યાંકન પ્રક્રિયાને લઈને દેશભરમાં મચેલા ભારે હોબાળા વચ્ચે નરેન્દ્ર મોદી સરકારે કડક વહીવટી પગલાં લીધાં છે. સરકારે બોર્ડના ચેરમેન રાહુલ સિંહ (IAS) અને સેક્રેટરી હિમાંશુ ગુપ્તા (IAS)ની તાત્કાલિક અસરથી બદલી કરી દીધી છે. એક મીડિયા અહેવાલ મુજબ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સીધા હસ્તક્ષેપ બાદ આ મોટી કાર્યવાહી કરવામાં આવી છે અને આગામી દિવસોમાં અન્ય કેટલાક સત્તાધિકારીઓ પર પણ કાર્યવાહી થઈ શકે છે.

અધિકારીઓની બદલી કરાયા બાદ સરકારે મોડી સાંજે જાહેરાત કરી હતી કે બદલી કરાયેલા ચેરમેન રાહુલ સિંહના સ્થાને હવે વરિષ્ઠ આઈએએસ અધિકારી લોખંડે પ્રશાંત



સીતારામને CBSEના નવા ચેરમેન બનાવવામાં આવ્યા છે. સેક્રેટરી હિમાંશુ ગુપ્તાના સ્થાને વરિષ્ઠ અમલદાર વરુણ ભારદ્વાજને બોર્ડના નવા સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

સરકારે ઓન-સ્ક્રીન માર્કિંગ (ઓએસએમ) સિસ્ટમ માટેની સેવાઓની ખરીદી અને કરારમાં થયેલી કથિત ગેરરીતિઓની તપાસ કરવા માટે એક સદસ્યીય ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે. આ કમિટીના વડા તરીકે કેપેસિટી બિલ્ડિંગ કમિશનના ચેરપર્સન એસ. રાધા ચૌહાણને નિયુક્ત કરવામાં આવ્યા છે. આ સમિતિને અન્ય વિભાગોના અધિકારીઓની મદદ લેવાની સત્તા આપવામાં આવી છે અને તેમણે 1 મહિનાની અંદર પોતાનો વિગતવાર અહેવાલ ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગને સોંપવાનો રહેશે.

આ વર્ષે ધોરણ 10 અને 12ના પરિણામો બાદ જ્યારે વિદ્યાર્થીઓએ ઓનલાઈન સ્કેન કરેલી ઉત્તરવહીઓ મેળવી, ત્યારે તેમાં પેજ ગાયબ હોવા, ધૂંધળા અક્ષરો અને ટેકનિકલ ખામીઓ જેવી ગંભીર સમસ્યાઓ સામે આવી હતી. કેટલાક વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો છે કે બોર્ડ દ્વારા અપલોડ કરાયેલી સ્કેન કરેલી આન્સર-શીટમાં તેમના હેન્ડરાઈટિંગ (હસ્તાક્ષર) મેચ થતા નથી. આનાથી OSM સિસ્ટમમાં આખી

...અનુસંધાન પાના 11 પર

## કેરળમાં કાલે ચોમાસુ બેસવાની વકી

**લક્ષદ્વીપ** ટાપુઓ તેમજ કેરળ અને તમિલનાડુના કેટલાક વિસ્તારોમાં ચોમાસું આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ



નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): ભારતીય હવામાન વિભાગે (IMD) મંગળવારે જણાવ્યું છે કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું 4 જૂનની આસપાસ કેરળમાં પ્રવેશે તેવી શક્યતા છે. સામાન્ય રીતે ભારતમાં ચોમાસું 1 જૂનની આસપાસ કેરળ પહોંચતું હોય છે, જે દેશમાં ચાર મહિનાની (જૂનથી સપ્ટેમ્બર) ચોમાસાની સિઝનની શરૂઆત હોય છે.

હવામાન વિભાગના રોજિંદા પૂર્વાનુમાન મુજબ, 4 જૂનની આસપાસ દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્રના કેટલાક ભાગો, લક્ષદ્વીપ ટાપુઓ તેમજ કેરળ અને તમિલનાડુના કેટલાક વિસ્તારોમાં ચોમાસું આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે. આ ઉપરાંત, આ જ તારીખની આસપાસ બંગાળની ખાડીના દક્ષિણ-પશ્ચિમ, પશ્ચિમ-મધ્ય, પૂર્વ-મધ્ય અને ઉત્તર-પૂર્વીય ભાગોમાં પણ ચોમાસું આગળ વધશે. અગાઉ આઈએમડીએ 26 મેના રોજ ચોમાસું બેસવાની શક્યતા વ્યક્ત કરી હતી, પરંતુ તેમાં વિલંબ થતાં 29 મેના રોજ આગામી સપ્તાહમાં ચોમાસું શરૂ થવાની વાત કહેવામાં આવી હતી.

હવામાન વિભાગે ગયા અઠવાડિયે તેના સુધારેલા અંદાજમાં જણાવ્યું હતું કે આ વર્ષે દેશમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડી શકે છે. ભારતભરમાં આ વર્ષે દીર્ઘકાલીન સરેરાશ (એલપીએ)ના માત્ર 90 ટકા જ વરસાદ થવાની ધારણા છે. વર્ષ 1971થી 2020 સુધીના આંકડા અનુસાર દેશની સરેરાશ મોસમી વરસાદની ક્ષમતા 87 સેમી (એલપીએ) છે. જો વરસાદ 90 ટકાથી ઓછો થાય, તો તેને 'અછત અથવા નબળું ચોમાસું' ગણવામાં આવે છે. આ નબળા વરસાદ પાછળનું મુખ્ય કારણ 'અલ-નીનો'ની સ્થિતિ જવાબદાર માનવામાં આવે છે, જે જૂન મહિનામાં નબળી રહેશે પરંતુ સપ્ટેમ્બર સુધીમાં મધ્યમથી ઘણી મજબૂત બની શકે છે.





## બારડોલી નજીક બે ડેપો બસ વચ્ચે અકસ્માત: ભીષણ આગમાં ૭ ભુંજાયા, ૪૨ ઘાયલ

**ઉવા** ગામે મહારાષ્ટ્રના પરિવહનની બે બસ વચ્ચે અકસ્માત થયો

**પાણીના** ટેન્કરને ટક્કર મારી બસ ડિવાઈડર કૂદી સામેના ટ્રેક પર ધસી ગઈ

**૪૨થી** વધુ ઘાયલને બારડોલી, વ્યારા અને સુરતની હોસ્પિટલ્સમાં ખસેડાયા

**હાઈવે** પર કલાકો સુધી ટ્રાફિક જામ, કલેક્ટર અને એસપીએ તપાસના આદેશ આપ્યા

બારડોલી: સુરત જિલ્લાના બારડોલીના ઉવા ગામ નજીક નેશનલ હાઈવે નં.૫૩ પર મહારાષ્ટ્ર રાજ્ય પરિવહન નિગમની એક બસના ચાલકે આગળ ચાલતા પાણીના ટેન્કરને ટક્કર મારી ડિવાઈડર કૂદાવીને સામેથી આવતી મહારાષ્ટ્ર નિગમની જ બીજી બસ સાતે ધડાકાભેર અથડાતાં આગ લાગી હતી. આગને પગલે ૭ લોકો જીવતા જ ભૂંજાઈ ગયા હતા. જ્યારે ૪૨થી વધુ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટનાની ભીષણતા એટલી હતી કે મૃત્યુઆંક વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, સુરતથી મહારાષ્ટ્રના ધૂળે તરફ જઈ રહેલી

...અનુસંધાન પાના 11 પર

### આગવાળી બસમાં 25થી વધુ મુસાફર હોવાની આશંકા, શોર્ટ સર્કિટથી આગ લાગ્યાનું અનુમાન

પ્રાથમિક વિગતો મુજબ દુર્ઘટનાનો ભોગ બનેલી બસમાં 25થી વધુ મુસાફર સવાર હોવાની શક્યતા દર્શાવવામાં આવી રહી છે. જ્યારે સામેની બસમાં 40થી 45 મુસાફર હતા. અકસ્માતની જાણ થતાં જ ફાયર ફાઈટર્સની ટીમ માત્ર 12 મિનિટના ટૂંકા ગાળામાં ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. પ્રાથમિક તપાસમાં અકસ્માત દરમિયાન થયેલા તીવ્ર ઘર્ષણને કારણે સ્પાર્ક (તણખો) થતાં બસમાં આ ભયાનક આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

### અકસ્માતમાં ઇજાગ્રસ્ત થયેલા મુસાફરોની યાદી

- મિત પ્રસાદ ચૌહાણ (ઉં.વ.7) - ચિંચપાડા
- ઓમ પ્રસાદ ચૌહાણ (ઉં.વ.12) - ચિંચપાડા
- પ્રાચી પ્રસાદ ચૌહાણ (ઉં.વ. 39) - ચિંચપાડા
- સુરેશ મોતીરામ તિવારી (ઉં.વ. 67) - સેલવાસ
- ભરત સીતારામ પાટીલ (ઉં.વ. 73) - સુરત
- ઐયુબ યાસીન શા (ઉં.વ. 60) - સુરત
- જગન્નાથ વૈજનાથ (ઉં.વ. 60) - સુરત

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી



### કર્ણાટકમાં સત્તા પરિવર્તન: ડી. કે. શિવકુમાર નવા મુખ્યમંત્રી

લાંબા રાજકીય સંઘર્ષ અને સઘન વ્યૂહરચના પછી અંતે ડી. કે. શિવકુમાર કર્ણાટકના મુખ્યમંત્રી પદ મેળવવામાં સફળ રહ્યા છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ તેમને આ પદ અપાવવામાં પરોક્ષ પરંતુ અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવી છે, જ્યારે કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી અને એઆઈસીસીના જનરલ સેક્રેટરી તેમ જ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આ કામ પાર પાડવા માટે પડદા પાછળ રહીને કામ કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

જ્યારે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ જીત મેળવીને કોંગ્રેસ કર્ણાટકમાં ફરી સત્તા પર આવી ત્યારે પાર્ટી હાઈકમાન્ડે સિદ્ધારમૈયા અને શિવકુમાર વચ્ચે સત્તાની વહેંચણીની એક ફોર્મ્યુલા તૈયાર કરી હતી. આ ફોર્મ્યુલા હેઠળ બંને નેતાઓએ અઢી-અઢી વર્ષ સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપવાની હતી.

વરિષ્ઠ નેતા હોવાના નાતે કોંગ્રેસના અગ્રણી ઓબીસી ચહેરો એવા સિદ્ધારમૈયાને પ્રથમ ટર્મ આપવામાં આવી હતી. તેમનો અઢી વર્ષનો કાર્યકાળ નવેમ્બર ૨૦૨૫માં પૂર્ણ થયો હતો, પરંતુ ત્યારથી

...અનુસંધાન પાના 11 પર

તા. ૦૨-૦૬-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૬.૪° સે. | ૨૩.૮° સે. | ૫૦% |

**અમદાવાદના ધંધુકામાં ચાર ઇંચ વરસાદ ખાબક્યો**

## ગુજરાતમાં પ્રિ-મોન્સૂન વરસાદ, 4નાં મોત

**150** તાલુકામાં વરસાદના પગલે ખેડૂતોના પાકને ભારે નુકસાન

**ઉત્તર**, મધ્ય, દક્ષિણ ગુજરાત અને કચ્છ સુધી મિની વાવાઝોડા જેવી સ્થિતિ

ગાંધીનગર: ગુજરાતમાં ચોમાસા પૂર્વે જ પ્રકૃતિએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના 150થી વધુ તાલુકાઓમાં ગાજવીજ સાથે વરસાદ અને તોફાની પવન ફૂંકાતા વ્યાપક નુકસાનના અહેવાલો સામે આવ્યા છે.

ઉત્તર ગુજરાતથી લઈને મધ્ય, દક્ષિણ ગુજરાત અને કચ્છ સુધી અનેક વિસ્તારોમાં મિની વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી. ભારે પવન અને વૃક્ષો ધરાશાયી થવાના બનાવોમાં બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં કુલ ચાર લોકોના મોત થયા છે, જ્યારે ખેડૂતોના પાકને ભારે નુકસાન પહોંચ્યું છે.

બનાસકાંઠાના વાવ તાલુકાના માડકા ગામમાં ભારે પવનના ઝાપટાને કારણે એક પતરાનો શેડ ઊડીને ધરાશાયી થતાં 42 વર્ષીય ભગવાન પટેલ તેની નીચે દબાઈ ગયા હતા. સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. બીજી તરફ ભાભર તાલુકાના તનવાડ ગામમાં ભારે પવનના કારણે વિશાળ લીમડાનું વૃક્ષ ધરાશાયી થતાં 60 વર્ષીય કાશુબેન વાઘેલાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. દાહોદ જિલ્લામાં પણ વાવાઝોડાએ ભારે તબાહી મચાવી હતી. વાવાઝોડાની અસરથી બે લોકોના મોત થયા હોવાની માહિતી સામે આવી છે. ગરબાડા ચોકડી પાસે સ્માર્ટ સિટીનું વિશાળ સાઈનબોર્ડ પણ ધરાશાયી થઈ ગયું હતું.

બનાસકાંઠાના ધાનેરા પંથકમાં તો મિની વાવાઝોડું ત્રાટક્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. એક મંદિર પરિસરમાં ચાલી રહેલા ભવ્ય કથા મહોત્સવ માટે લાખો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલો વિશાળ મંડપ તોફાની પવનમાં કાગળની જેમ ઊડી ગયો હતો. વાવ-થરાદ સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ખેડૂતોને સૌથી મોટો ફટકો પડ્યો છે. ખેતરોમાં તૈયાર ઉભેલા બાજરી સહિતના ઉનાળું પાકને ભારે નુકસાન થયું છે. અચાનક આવેલા વરસાદ અને પવને પાક જમીનદોસ્ત કરી નાખતાં ખેડૂતોમાં નિરાશા વ્યાપી છે.

છોટાઉદેપુર જિલ્લામાં પણ વાવાઝોડાએ જગતના તાતની કમર તોડી નાખી છે. ભારે પવન અને તોફાની વરસાદના કારણે કેળાના પાકને મોટું નુકસાન થયું છે. સંખ્યાબંધ કેળના વૃક્ષો તૂટી પડતાં ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. અમદાવાદ, આણંદ, ડાંગ, દાહોદ અને અન્ય અનેક જિલ્લાઓમાં વૃક્ષો ધરાશાયી થવા, પતરાં ઊડી જવા અને વીજ પુરવઠા પર અસર થવાના બનાવો નોંધાયા છે. કચ્છના રાપર શહેરમાં મોડી રાત્રે અચાનક વાતાવરણમાં પલટો આવતા તેજ પવન સાથે ઝરમર વરસાદી ઝાપટાં પડ્યા હતા.

...અનુસંધાન પાના 11 પર

## રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં આંધી સાથે વરસાદ: પાંચનાં મોત

**રાજસ્થાનમાં** સાંસ્કૃતિક કાર્યક્રમમાં દિવાલ તૂટી પડતા લોક કલાકારનું મોત, અન્ય ઘટનાઓમાં બે બાળકોના મોત, વ્યાપક તબાહી

**મધ્ય** પ્રદેશમાં મકાનની છત પડતા માતા-પુત્રનાં મોત

**કાશ્મીરના** કિશ્તવાડમાં વાદળ ફાટવાની બે ઘટનાઓ, મોટા નુકસાનના અહેવાલ નહીં

જયપુર/જેસલમેર/કિશ્તવાડ, તા. ૨: પશ્ચિમ રાજસ્થાનમાં સોમવારે રાત્રે વરસાદ સાથે આવેલા એક શક્તિશાળી ધૂળના વાવાઝોડાએ ભારે તબાહી મચાવી હતી, જેમાં એક યુવાન લોક કલાકાર અને બે બાળકોનાં મોત થયાં હતાં અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા હતા. આ ઉપરાંત જેસલમેર, બાડમેર અને ફલોદી જિલ્લામાં વિનાશનાં દ્રશ્યો સર્જાયાં હતાં. જ્યારે મધ્ય પ્રદેશમાં આંધી અને વરસાદમાં મા-દીકરાનાં મોત થયા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ વાવાઝોડાએ સેંકડો વીજળીના થાંભલા ઉખાડી નાખ્યા હતા, સોલાર પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચાડ્યું હતું, પતરાના શેડ ઉખાડીને ફેંકી દીધા હતા, રસ્તાઓ બ્લોક કરી દીધા હતા અને કેટલાંય ગામોમાં વીજ પુરવઠો ખોરવી નાખ્યો હતો. મૃતકોમાં ૨૫ વર્ષીય લોક કલાકાર સ્વરૂપ ખાન પણ સામેલ હતા, જેઓ જેસલમેરના લોકપ્રિય સામ પ્રવાસી વિસ્તારમાં આવેલા એક ડેઝર્ટ રિસોર્ટમાં પ્રદર્શન કરી રહ્યા હતા. સોમવારે મોડી રાત્રે જ્યારે જોરદાર ધૂળનું વાવાઝોડું ત્રાટક્યું ત્યારે એક સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન સિમેન્ટની દીવાલ લોક કલાકાર સહિતના કલાકારો પર તૂટી પડી હતી. પરંપરાગત સંગીતકારોના માંગણિયાર સમુદાયના સભ્ય સ્વરૂપ ખાનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી અને તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અન્ય ત્રણ કલાકારો, જેમાં બે મહિલા નર્તકો પણ સામેલ છે, તેઓ ઘાયલ

...અનુસંધાન પાના 11 પર

**ખેતી અને ઔદ્યોગિક સાધનોની આયાત પર ટેરિફમાં ૧૦ ટકા કાપ**

## ટ્રમ્પે ટેરિફ ઘટાડ્યો !!

**આ** વસ્તુઓની આયાત પર ૨૫ ટકા ટેરિફ હતો તે હવે ૧૫ ટકા જ લાગશે, અમેરિકામાં કૃષિ ક્ષેત્રમાં રોકાણને પ્રોત્સાહન આપવાનો હેતુ

**જેમની** સાથે અમેરિકાનો વેપાર કરાર થયો છે તેમને જ આનો લાભ મળશે, ભારતને હાલ લાભ મળવાની શક્યતા નહીં

વોશિંગ્ટન, તા. ૨: ઈરાન સાથેના યુદ્ધ વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટી જાહેરાત કરી છે. ટ્રમ્પે કૃષિ અને ઔદ્યોગિક ઉપકરણોની અલગ-અલગ શ્રેણીઓ પરના ટેરિફમાં 10 ટકાના ઘટાડાની જાહેરાત કરી છે, જેનાથી આગામી વર્ષના અંત સુધીમાં આ શુલ્ક 25%થી ઘટીને 15% થઈ જશે. તમામ દેશો 85 ટકા અમેરિકન સ્ટીલ કે એલ્યુમિનિયમનો ઉપયોગ કરે છે. ટેરિફમાં આ ફેરફાર 2027 સુધી પ્રભાવી રહેશે.

આ ફેરફારો અંતર્ગત, કમ્બાઈન, હાર્વેસ્ટર અને અન્ય કૃષિ ઉપકરણો જેવી કૃષિ મશીનરી પરનો ટેરિફ હાલના 25%થી ઘટીને 15% થઈ જશે. અમેરિકન સરકારે જણાવ્યું હતું કે આ કટોતીનો ઉદ્દેશ્ય ઉત્પાદકો માટે ખર્ચ ઓછો કરવાનો અને સાથે જ અમેરિકાના કૃષિ ક્ષેત્રમાં રોકાણને પ્રોત્સાહન આપવાનો છે. બુલડોઝર, ફોર્કલિફ્ટ અને તેના જેવા અન્ય ઉપકરણો સહિત મોબાઈલ ઈન્ડસ્ટ્રિયલ મશીનરી, જે અમેરિકી વ્યાપાર કરારો હેઠળ આવતા દેશોમાંથી મંગાવવામાં આવે છે, તે હવે ઓછા શુલ્કના લાભ માટે પાત્ર બનશે. સ્થાનિક

...અનુસંધાન પાના 11 પર

## ટ્રમ્પની 'ફોન-ગીરી': લેબેનોન પર બોમ્બમારો અટકાવવા નેતન્યાહૂને ખખડાવ્યા

**લેબેનોન** પર હુમલા કરી રહેલા ઇઝરાયેલના વડાપ્રધાનને અમેરિકી પ્રમુખે ખખડાવ્યા

**ટ્રમ્પે** નેતાન્યાહુને ઉપકાર ભૂલી જનાર ગણાવ્યા, ગાળ પણ આપી હોવાના અહેવાલ

**'મેં** જો દખલગીરી ન કરી હોત તમે અત્યારે જેલમાં હોત' એમ પણ કહ્યું

**આ** ફોન કોલ પછી ઇઝરાયેલે લેબેનોન પર હુમલા બંધ કર્યા હોવાની ટ્રમ્પની જાહેરાત

વોશિંગ્ટન, તા. ૨:અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે તેમણે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને બેરૂત પરના હુમલાને રોકી દેવા માટે મનાવી લીધા છે, જેના પગલે ઈઝરાયેલી નેતાએ તેમના સૈનિકોને પાછા વાળી લીધા છે.



ટ્રમ્પે સોમવારે સાંજે 'ટ્રુથ સોશિયલ' પર આ જાહેરાત કરી હતી. આ જાહેરાત એવા અહેવાલો વચ્ચે આવી છે જેમાં દાવો કરાયો છે કે બંને નેતાઓ વચ્ચેની વાતચીત ઉગ્ર રહી હતી અને અમેરિકી રાષ્ટ્રપ્રમુખે નેતન્યાહુને ત્યાં સુધી કહી દીધું હતું કે જો તેમણે હસ્તક્ષેપ ન કર્યો હોત તો તેઓ (નેતન્યાહુ) જેલમાં હોત.

ઈઝરાયેલી વડાપ્રધાનના લોકપ્રિય ઉપનામનો ઉપયોગ કરતા ટ્રમ્પે જણાવ્યું કે, મેં આજે (સોમવારે) બીબી નેતન્યાહુ સાથે વાતચીત કરી હતી અને તેમને લેબનોનના બેરૂતમાં મોટો હુમલો ન કરવા વિનંતી કરી હતી. તેમણે પોતાના સૈનિકો પાછા વાળી લીધા છે. થેન્ક યુ બીબી. નેતન્યાહુ સાથે ટ્રમ્પની ફોન પરની વાતચીત એવા સમયે થઈ છે જ્યારે ઈરાને લેબનોન પર ઈઝરાયેલના હુમલાને લઈને અમેરિકા સાથેની મંત્રણા ખતમ કરવાની ધમકી આપી હતી. ટ્રમ્પે વધુમાં જણાવ્યું હતું કે તેમણે હિઝબુલ્લાહના નેતાઓના પ્રતિનિધિઓ સાથે પણ વાતચીત

...અનુસંધાન પાના 11 પર